# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-10-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે જનભાગીદારીથી જળસંચયનો ધ્યેય હાંસલ કરવાનો રાજ્યનો સંકલ્પ છે
2) રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા 52 હજાર મેગાવોટને પારઃ 50 ટકા ઊર્જા પુનઃપ્રાપ્ય સ્ત્રોતમાંથી
3) રાજ્યભરમાં આજથી 27 ઓક્ટોબર સુધી ભાડૂઆત નોંધણી અંગેની ખાસ ઝૂંબેશનો પ્રારંભ
4) ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ફુડ સેફ્ટી પખવાડિયા દરમિયાન સાડા ચાર કરોડ રૂપિયાથી વધુનો શંકાસ્પદ ખાદ્ય ચીજનો જથ્થો જપ્ત
5) ડાંગ, નર્મદા, તાપી, છોટા ઉદેપુર, કચ્છ અને દ્વારકા જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદઃ આગામી એક સપ્તાહ વરસાદની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# JAL SANCHAY

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, જનભાગીદારીથી જળસંચયનો લક્ષ્ય હાંસલ કરવા માટે મહા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આજે સુરતમાં જળ સંચય - જન ભાગીદારી - જન આંદોલનના મહા અભિયાન કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ ગુજરાતમાં જળસંચય ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી થઈ હોવાનું જણાવ્યું હતું.

ઇનડોર સ્ટેડિયમ સ્થિત આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, રાજસ્થાન ના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે, આ અભિયાનનો સૌથી મોટો લાભ રાજસ્થાનને થશે.

---------------------------------------------------------------------

- ડેસ્ક, યુટ્યુબ અનિલ - -(NAVIN)

# Vikas Saptah DIST.

નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી તરીકે અને દેશનાં પ્રધાનમંત્રી તરીકેનાં 23 વર્ષનાં કાર્યકાળમાં રાજ્યએ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે. રાજ્યએ વીજ ઉત્પાદનમાં કુલ 52 હજાર 424 મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરી છે, જેમાં 50 ટકાથી વધુ એટલે કે 25 હજાર 472 મેગાવોટ પુનઃપ્રાપ્ય સ્ત્રોતોમાંથી આવે છે. આ સીમાચિહ્ન હાંસલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

દરમિયાન આવતીકાલે સુરેન્દ્રનગરમાં વિકાસ સપ્તાહ"ની ઉજવણી અંતર્ગત પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરા અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાની ઉપસ્થિતિમાં વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ-ખાતમુહૂર્ત/ લોકાર્પણ કરાશે.

જિલ્લાનાં ચુડા તાલુકાના ચાર ગામોમાં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ કામોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના વિવિધ કામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે. વિકાસ પદયાત્રામાં પાણીપુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા ઉપસ્થિત રહેશે.

ભાવનગર જિલ્લાની સનેસ ગ્રામ પંચાયત દ્વારા વિકાસ સપ્તાહ અંતર્ગત તાલુકા કક્ષાનો મેડિકલ નિદાન કેમ્પ યોજાયો. આ કેમ્પમાં 125 કરતા વધારે દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું. વિકાસ સપ્તાહ અંતગર્ત છોટાઉદપુર જિલ્લાના 6 તાલુકાની ગ્રામપંચાયતોમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળના પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ 200થી વધુ આવાસોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. છોટાઉદેપુર જિલ્લા હોસ્પિટલ ખાતે આરોગ્ય અને પોષણ સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી જેમાં પીડિયાટ્રિક ડોક્ટર્સ, RBSK ટીમ અને NRC ટીમ દ્વારા 5 વર્ષ સુધીનાં ઓછા વજન વાળા અને ખોડખાપણ વાળા બાળકોની તપાસ કરવામાં આવી.

---

- પીટીસી –સુરેન્દ્રનગર, ભાવનગર, છોટા ઉદેપુર, સંસ્કૃતિ બકુલા -(NAVIN)

# VIKAS SAPTAH - BHANUBEN BABARIYA

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી-GNLU, ગાંધીનગર ખાતે 'વિકાસ સપ્તાહ' અંતર્ગત 'વંચિતો વિકાસની વાટે' કાર્યક્રમ યોજાશે. 15મી ઓક્ટોબરે ભાનુબેન બાબરિયાના હસ્તે રાજ્યના 21 જિલ્લાના 4 હજાર 900થી વધુ લાભાર્થીઓને 68 કરોડથી વધુની લોન-સહાયનું વિતરણ કરાશે. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમાર ઉપરાંત લાભાર્થીઓ પણ ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------

- મા.ખા., સંસ્કૃતિ -(NAVIN)

# Tenant Registration

રાજ્યભરમાં આજથી 27 ઓક્ટોબર દરમિયાન ભાડૂઆત નોંધણી અંગેની ખાસ ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. મકાન માલિકે પોતાના ભાડૂઆત અંગેની નોંધણી પોલીસ સ્ટેશનમાં કરાવવી ફરજિયાત છે. આ નોંધણી 'ગુજરાત સિટીઝન ફર્સ્ટ' એપ મારફતે ઓનલાઈન ઘરે બેઠાં સરળતાથી પણ કરી શકાય છે. ગુજરાત પોલીસના આ વિશેષ અભિયાનનો હેતુ ભાડુઆતની નોંધણીના નિયમનું ચુસ્ત પાલન કરવાનો અને લોકોની સલામતી માટેનો છે.

----------------------------------------------------------------------

- યાદી સંસ્કૃતિ

-(NAVIN)

# Food Safety Week

તહેવારોને ધ્યાનમાં રાખીને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ફુડ સેફ્ટી પખવાડિયા દરમિયાન રાજ્યવ્યાપી દરોડામાં સાડા ચાર કરોડ રૂપિયાથી વધુનો શંકાસ્પદ ખાદ્ય ચીજનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય ચીજના ધંધા સાથે સંકળાયેલા ઉત્પાદકો, રીટેલર તથા કોલ્ડ સ્ટોરેજ સહિતની જગ્યાએથી ફૂડ સેફટી પખવાડિયામાં અત્યાર સુધી એન્ફોર્સમેન્ટ અને સર્વેલન્સ નમુના સહિત કુલ 5 હજાર 486 નમુનાઓ લેવામાં આવ્યા જયારે બે હજાર 423 ઇન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યા છે. આ દરમ્યાન ફુડ સેફટી ઓન વ્હીલ્સ દ્વારા નવરાત્રી દરમ્યાન 640થી વધુ જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, મહેસાણા અને પાટણ ખાતેથી એક કરોડ 39 લાખની કિંમતનો 45.5 ટન શંકાસ્પદ ઘીનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લાના કડી તાલુકનાં બુડાસણ ખાતે એક પેઢી પર દરોડો પાડીને સવા કરોડ રૂપિયાનો 43 હજાર 100 કિગ્રા જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

(Byte….Mehsana Ghee)

આ ઉપરાંત પાટણનાં એક એકમમાં શંકાસ્પદ ઘીનું ઉત્પાદન થતું હોવાની માહિતીને પગલે તપાસ કરતા લેબલ વગરનાં ઘી નો જથ્થો મળી આવ્યો હતો. અહીંથી આશરે 14 લાખ 30 હજાર રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

જામનગર મહાનગરપાલિકાની અન્ન શાખા દ્વારા દૂધની બનાવટો, બેકરી પ્રોડક્ટસની દુકાનો તેમજ ઉત્પાદન કેન્દ્રો પર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં 90 કિલો અખાદ્ય જથ્થો અને વાસી ખોરાકનો નાશ કરવામાં આવ્યો હતો. ફૂડ સેફટી ઇન્સ્પેકટર એન.પી. જાસરોલીયાએ જણાવ્યું હતું કે, આ તપાસ 17 ઓક્ટોબર સુધી ચાલુ રહેશે.

---

- -ચાદી અનિલ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

……………………………………

# Weather

રાજ્યનાં અનેક ભાગોમાં ફરી એક વાર વરસાદની મોસમ શરૂ થઈ છે. આજે સવારે છ વાગ્યાથી સાંજના છ સુધીમાં રાજ્યનાં 69 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો છે. કચ્છ તાલુકામાં સવા બે ઇંચ, જ્યારે બોડેલી, ઝગડીયા, વગઇ અને ડેડિયાપાડામાં બે-બે ઇંચ વરસાદ પડ્યો છે.

દ્વારકા જિલ્લામાં વાતાવરણમાં પલટો થતાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ થયાના અહેવાલ છે. ગ્રામ્યપંથકમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ વરસાદથી મગફળી અને કપાસ સહિતના પાકને નુકસાન થવાની શક્યતાને કારણે ખેડુતો ચિંતામાં મુકાયા છે.

તાપી જિલ્લાના વ્યારા સહિતના ગ્રામીણ વિસ્તારમાં વરસાદી ઝાપટા નોંધાયા હતા. તો કચ્છ જિલ્લામાં ભુજમાં 2 ઈંચથી વધુ વરસાદ થવાથી શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. અને જનજીવન પ્રભાવિત થયું છે.

છોટાઉદેપુર જીલ્લામાં આજે બપોર બાદ વીજળી અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે તૈયાર થયેલા પાકોને નુકશાન થાય તેવી ભીતિથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

તો નર્મદા જિલ્લાના કેવડિયા ગરુડેશ્વરમાં બપોર પછી ધોધમાર વરસાદ થતાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. ભારે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

ડાંગ જિલ્લામાં બપોર પછી મુખ્ય મથક આહવા, ગિરિમથક સાપુતારા સહિતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ વરસ્યો હતો. બનાસકાંઠા જિલ્લાના વડગામ અને આસપાસના વિસ્તારમાં વરસાદી છાંટા પડ્યા હતા. હવામાન વિભાગે આજથી એક અઠવાડિયા સુધી વરસાદ થવાની આગાહી કરી છે.

---

- પીટીસી દ્વારકા, તાપી, કચ્છ, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, બનાસકાંઠા - સંસ્કૃતિ-(NAVIN)

# World E-Waste Management Day

14મી ઓક્ટોબરને વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસ 'Retrieve, Recycle and Revive'ની વિષયવસ્તુ સાથે ઉજવાશે. ઇ-વેસ્ટમાં મુખ્યત્વે લેડ, મર્ક્યુરી અને કેડમિયમ જેવી અનેક પ્રકારની ઝેરી અને હાનિકારક ધાતુઓ હોય છે જે મોટા પ્રમાણમાં વાયુ, જળ અને જમીનમાં પ્રદૂષણ ફેલાવે છે.  રાજ્યમાં કુલ 40 જેટલા અધિકૃત ઈ-વેસ્ટ રિસાઇકલ કરનાર સંસ્થા છે જેની કુલ ક્ષમતા 1.91 લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ છે. રાજ્યમાં છેલ્લા 3 વર્ષમાં એક લાખથી વધુ મેટ્રિક ટન ઇ-વેસ્ટ એકત્ર કરાયું છે. આ ઈ-વેસ્ટમાંથી મળતા આર્યન, કોપર વગેરે કિંમતી ધાતુઓનો ફરીથી નવી ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વસ્તુઓ બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે,વર્ષ 2018થી વૈશ્વિક સંસ્થા "વેસ્ટ ફ્રોમ ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ ફોરમ" દ્વારા દર વર્ષે 14મી ઓક્ટોબરે 'વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

---------------------------------------------------------------------

- મા. ખા., સંસ્કૃતિ -(NAVIN)

# FATAFAT NEWS

હવે રાજ્યના અન્ય કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા આવતી કાલે સાંજે ગ્લોબલ મેનેજમેન્ટ થિંકર ડૉ. શૈલેષ ઠાકર દ્વારા "લીડરશિપ ઑફ રતન ટાટા" વિષય પર એક વિશેષ વાર્તાલાપનું આયોજન કરાયું છે
- ભાવનગર જિલ્લાના માલણકા ગામ ખાતે શ્રી માલણકા ખોડીયાર માના મંદિરે દશેરાના દિવસે હવનનું આયોજન કરવામાં આવ્યું
- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત 16 અને 17 ઓક્ટોબરે સુરતની મુલાકાતે આવશે
- દમણમાં બંગાળી કલ્ચર એસોસિએશન દ્વારા સિંદૂર ખેલાનું આયોજન કરવામાં આવ્યું